૫૬૧૮

મુંબાઈનો મામલો.

તા૦ ૧૧ મી શુક્રવાર અગષ્ટ ૧૮૯૩.

"મારારે સ્વામી મારાથી છોટા." એ રાહ.

મામલોરે મોટો મુંબઇમાં મચીઓ,
બંદોબસ્ત પોલીસે બહુ રચીઓ —ટેક.
તેરમી સદી મુંબઇની માંહે.
અરે આ તોફાન ઉઠયું ત્યાંહે—મા. ૧
પ્રભાસનું મુળ આ અહીં ઉઠયું,
જોયું નહી જાએ તે દીઠું—મામલો. ૨
જુમામસજીદ જુમાને દીને,
દીન દીન કહી સઘળા મુસલમીને—મા. ૩
હલાં કરી હનુમાન ગલી માંહી,
હનુમાન આદે દેરાં જ્યાંહી—મામલો. ૪
સામા મળે હીંદુઓ તેમને,
મારફોડ કરતા મમદનો એમને—મા. ૫
અમાસને લીધે પાકી પાડી;
કાપડીએ દુકાનો નોતી માંડી—મા. ૬
તોયે ઘણા પરચુરણ કામ માટે;
ખાલી બેસી રહ્યા હુતા હાટે—મા. ૭

તે લોકો સઉ રમખાન જોઈ લીધાં;
તુરત તાળાં દુકાને દીધાં—મા. ૮
એ લત્તા ઉપર થોડા ફીસાદખોરે;
ભાંજફોડ કરવા માંડી જોરે—મા. ૯
ત્યાંથી લુંટ ચલાવી આગળ આવ્યા;
ઝવેરી બજારમાં નવ ફાવ્ય:—મા. ૧૦
કારણ કીમતી ચીજ ત્યાં નવ દીઠી;
હીરા મોતી જડીત અંગુઠી—મા. ૧૧
પછી પાયધોણી મહોલા પરે;
જૈનોના જબરે મંદીરે—મા. ૧૨
એ સિવાય પાળા ગલી માંડવી માંહી;
હીંદુઓનાં ઉતંગ દેહેરાં જયાંહી—મા. ૧૩
ત્યાં ધસારો કરવાથી ભારે;
ઝપાઝપી થઇ બે વચ્ચે ત્યારે—મા. ૧૪
વળી બાહારકોટ માંડવી મારકીટે;
ભીંડી બજાર ચકલાની વાટે—મા. ૧૫
આદે હીંદુ ઇશ્લામ મહેલા માંહે;
ગીચ વસ્તીના લતા હોય જયાંહે—મા. ૧૬
સહુ ગલી ગલી અને રસ્તે;
સઘળે ફીસાદ ચાલ્યો એક સરતે—મા. ૧૭
પાંચ સાત મળ્યા હોય મુસલમાનો;
તેની આગળ જાય હીંદુ દાનો—મા. ૧૮

તેની ઉપર હુમલા તે કરતા;
અડચણ કરે હરકોઇને વિચરતાં—મા. ૧૯
તેમ પાંચ સાત હીંદુને ઇસ્લામા;
સામા મળે કરતા એ હંગામા—મા. ૨૦
હીંદુ કહે અમને મુસલમાનો;
છેડતી સોધી પજવે છે જાણો—મા. ૨૧
મુસલમાનો કહે હીંદુ અમને;
ઘરે બેઠાં દુખી કરે દમને—મા. ૨૨
પથરાને લાકડીઓ બહુ મારી;
કહીએ શું તમને તે વિસ્તારી—મા. ૨૩
આવીરે રીતે આમન સામન લડતાં;
રાહદારીને તેનાં ફળ મળતાં—મા. ૨૪

લોકોમાં ફેલાઈ રહેલો ગભરાટ.

હુલડ મધ્ય ભાગે ઉઠયું પહેલું;
તેથી સૌ લોકે જાણ્યું વેહેલું—મા. ૧
દુકાનો સૌ બંધ કરી તે વારે;
આપ આપને સદન સીધારે—મા. ૨
મેહેતાજીએ નિશાળો બંધ કીધી;
ભણનારાને ઘર જવા શીખ દીધી—મા. ૩
સૌના માનવામાં ના આવે એવું;
ઓચિંતુ આ તોફાન ઉઠયું તેવું—મા. ૪
વખત જતાં વધી ગયું ભારે;

તરેહવાર અફવા ઉડી ત્યારે—મા. ૫

તેથી ગભરાઈ ઘણુાંનાં માબાપો;
નિશાળે દોડયાં કરી કહાડાપો—મા. ૬

કોઈ ખબર સાંભળવા માટે;
ઉભા તોફાની લતાની વાટે—મા. ૭

બઇરાં બચ્ચાં મરદને માટે;
કુશળ માટે કરતાં સૌ ઉચ્ચારે—મા. ૮

મામલાની બહુ દુરના જે લોકો;
જોવા માટે ઉભા થોકે થોકો—મા. ૯

બજાર ગેટ કોટ મેદાન માંહી;
મારકીટ નજીક મનીરકુલ જ્યાંહી—મા. ૧૦

આવતાને આદર કરી પુછે;
ભાઈ આવડું તોફાન ત્યાં શું છે—મા. ૧૧

નળબજાર, આરસ્કીન રોડ અને ઈસ્લામ પુરામાં થએલું રમખાન.

રાહ માતમની.

વોય હાય આ ફૂલડ હુવા ખુબ ભારી; (૨)
ધને ધવાએ ગુલ હજારીરે, વોય.

યહ લતેકી સબી દુકાનો, દુપેર પહેલે બંધ હુઈ જાનો;
લરતે વાંકે હિન્દુ મુસલમાનોરે. વોય. ૧

સબ પથર લકડીસે લરે, દોનું આપસમેં ઝૂર મરે;

પીછલે પેરે નજર આ પરે. વોય. ૨

મુસલમાન મીલેલ વાં દીસે, અરસ્કીન રોડ પેં અતિસે;
ખુરા કીયા દુર મતીસેંરે. વોય. ૩

મુરતી તોડી નાંખી રાહપરે, પીછે હિન્દુપેં હુમલા કરે;
કાહુકા ડર દીલે ન ધરે. વોય. ૪

પથર લકડી છુટે મારે, દેખ પોલીસ કે આયે સ્વારે;
સબકું પકડનેકું દીલદારે. વોય. ૫

સુતારઆીટભંડારઆીટકે નાકે,મુસલમાનકું મારે સબ વ્હાંકે;
હિન્દુ ભેલી હો ઉસ જગાકેરે. વોય. ૬

તોફાન ઉસ જગાકા સુન જાદે,દોડ આયે પોલીસસ્વાર ખ્યાદે
ફીર ખડા ન રહ્યા એકાદેરે. વોય. ૭

લશકરી પલટન વાંહાં આઇ, માજીસ્તરેટે જીસકું ખુલવાઇ
નળ બજારકે નાકે પુચવાઇરે. વોય. ૮

સવાચાર બજેકે સુમારે, વાં કમીશનર વીનસેંટ પધારે;
જો હે પોલીસ કે મુખત્યારેરે. વોય. ૯

થોડી દેરે ટુકડીવાંસે ચાલી,લુંટા કંદોઇકી કરને રખવાલી;
કાવસજી તલાવ પટરોળે હાલીરે. વોય. ૧૦

થોડીએર વહાં જા ખડીરહી,જગજીવનફીકાઆીટકી ખબર પાઇ;
સુન લશકરી ટુકડી ગઇ ધાઇરે. વોય. ૧૧

ઓ સુરી ટુકડીકું આઇ જાની,સબ બીખર ગયે તોફાની;
લેકીન અવલકી ખુબ હાનીરે. વોય. ૧૨

લકડી પથરકી ઝુકમ શીપાઇ, પડકે તોફાનીકું વહાં જાઇ;

બાકે ગેટમેં દેતે બીહાઈરે. વોય. ૧૩
વો લતાપે હુકમ દેનેકે ખાતર, કમીશ્નર વીનસેંટસાહેબથે હાજર
માજીસ્ટ્રેટ વેબ સાહેબ ખડે આકરરે. વોય. ૧૪
પાંચસાત ગીનીટ હુલડ હોતાં જોઇ, જાહીર કીયા સબ લોગુકું સોઇ;
અબ ગોલીકા બહાર જાનો હોઇરે. વોય. ૧૫
યહ ખોફ ન રખે દીલ ફટે, દોનું ટોળી પીછે નહી હટે;
તાલીમબાજો લડે શીર સટેરે. વોય. ૧૬
સાડાપાંચબજેકે સુમારે, ટોળી જગજીવન સ્ટ્રીટસેં નીકળી બારે;
મારો ચલાતી નળ બજારેરે. વોય. ૧૭
ઉસકુ દેખ આલમ રાહાદારી, ભાગો આયા આયા ઓ પોકારી;
હુઇ હરેકકી વહાં ખ્વારીરે. વોય. ૧૮
કોઉકુ પથર લગે શીર ચ્યાને, કોઉકા ઉડ જાવે હોસાને;
ગીરે આપસ આપસ અથડાનેરે. વોય. ૧૯
મારો કરતા લશકર તક આયે, જબ લશકરે બંદુક દીખાયે;
તબ તમામ વાંસે બિખરાયેરે. વોય. ૨૦
જાનવા જોગ ખીના સુનોભાઇ, દુસરી કોમકુ કરતે વો સહાઇ;
દોનું આપસમેં લડતે લડાઇરે. વોય. ૨૧
માંડવી નજીક મસ્જીદ બંદર, પંચાત કરતે દુપેરસેં પરસ્પર;
લડતે હિંદુ ઇસ્લામ એકંદરરે. વોય. ૨૨
કછી હિંદુકે તેલ પીપ ઢોરી, બાંગી ભુકા કીયા સબ તોરી,
અઇસી વહાંપે જનાઇ સીરજોરીરે. વોય. ૨૩
પીછે પથર ફેંકને લગે, હુલડ હુવા વહાં જગે જગે;

શીપાઈ કેવે બંદુક ખુબ દગેરે. વોય. ૨૪

શીપાઇ ભેલીથે પોલીસ અમલદાર, ઉસકું બી લગા યહ માર;

ઘાયલ હિંદુ મુસલમાન અપારરે. વોય. ૨૫

ભીંડી બજારથી ભાયખલા જતાં એક પારશી જુવાનને એક જાઈફ મુસલમાન સ્ત્રી મળી. હુલડખોરોની ચાલથી તેનાપર સજાજડ અસર થએલી હતી તેથી તે બોલીઃ—

(જા બેટા ઘરમેં ભાગું જાકે મીલ; આગળ જાયગા! ખુદા જાને તેરા જી જાયગા.) એવું તે રસ્તાનું રમખાણ ભયાનક હતું.

હિંદુ મંદીરોપર ધસારો.

લાવણી.

(ખુશ રહો સનંજા મેરા બીધાતા બેલી એ રાહ.)

આ જુમા મસજીદનો જુલમી ઝઘડો ચાલી;

મુંબાઈની માતબર ખલકને કરી ખાલી. ટેક.

અહીંથી ફીસાદ ફેલાઈ ખુબ ભારી;

રહ્યો માંડવી અને પાયધોણીપર જારી. આ. ૧

આ હુમલાના બંદોબસ્તને માટે;

માજીસ્ટ્રેટે મેલ્યું લશ્કર વાટે વાટે. આ.

આ હુલડ ઉભું પશ્ચિમ માલમ પડતું;

તે લત્તાના લોકોને બહુ તે નડતું. આ. ૩

તેઓ ચાર કલાકે નાગજી દેરે ધસીઆ;

જે હિંદુ ધરમની હાનીના બહુ રસીયા આ. ૪

આરકાંઓ ઉખેડી અંદર જઈને;

બારણાં ઉઘાડવા બળ કરે કર દઇને. આ. ૫
મંદીરમાં હતાં પાંચ મરદ પાંચ નારી;
તેની ચિંતા થઇ દુનીયાં દુઃખકારી. આ. ૬
એટલામાં ત્યાં તો પોલીસ આવી ધાઇ;
દેખી દુરીજન ટોળી ગઈ વીખરાઇ. આ. ૭
આટલું ગુજરે આંચકો નહિ તે ખાતા;
ચાર દેહેરાંને નુકશાન કર્યું ત્યાં જાતાં. આ. ૮
હજાર હુલડીઓ વશ કરવાને માટે;
ચાલીસં સીપાઇયો વેંચ્યા નાવે વાટે. આ. ૯
સાડાછીએ નળ બજાર કામાઠીપુરે;
ભારે ભયંકર સંધાયું બહુ દુરે. આ. ૧૦
આ જોઇ અમલદારે રજાયું દીધી;
બંદુક ભરીને શીપાઇએ રાખી સીધી. આ. ૧૧
તોએ જુલમગાર જરા ન બેઠા હારી;
વરસાવે પથર વરસાદ ઉભા રહી બારી. આ. ૧૨
આવું હુલ્લડ જોઇને ઘણું હદ બહારે;
બંદુકો ફોડવા હુકમ આપ્યો ત્યારે. આ. ૧૩
એ દેખાવ દીસે હેબક ખાવા જેવો;
હાય જુલમગાર મામલો મચ્યો એ તેવો. આ. ૧૪
હિંદુઓ નાઠા જીવ બચાવા માટે;
પણ મુસલમાનો પુંઠે લાગ્યા વાટે. આ. ૧૫
ધમકી ભરેલ બંધુકો લશ્કર ધારી;
સામા ઉભાતા સ્વારો કરી કીલકારી. આ. ૧૬

તોએ માને નહિ મંડળી ઘણી એ આડી;
બંદુકો ફોડવા ફરજ તેઓને પાડી. આ. ૧૭
ઘણા ઘવાયા હુમલાખોર તેવારે;
કહેછે ત્રણેક મસાણ જવા થયા ત્યારે. આ. ૧૮
આ હુલડે ભાયખલા તક પગલાં ભરીયાં;
કુપર સાહેબથી ત્યાં નહિ ઝાઝાં ઠરીયાં. આ. ૧૯
પાયધોણીપર બંદોબસ્તને માટે;
દસ્તુર ખાનબહાદુર ખડા હુતા તે વાટે. આ. ૨૦
એ છેડેથી આગળ હઠવા એમણે ના દીધું.
બહુ બહાદુરીનું કામ એઓએ કીધું. આ. ૨૧
બે ટાંકીપર હુમલો નળ બજારના જેવો;
તે તોડી ઉભું લશ્કર માગલો તેવો. આ. ૨૨
આ રસ્તો સર જમસેદજી હાસ્પીટલ સુધી.
બંધ થયો સ્વારો રહ્યા બંદુકો સાંધી. આ. ૨૩
આ સંખ્યાબંધ હુલડખોરો પાછા ધાઈ;
કામાઠીપુરે કમકમાટ ઉપજાવ્યો જાઈ. આ. ૨૪
ત્યાં મારફોડનું રાજ જાણે પથરાણું;
તેથી તોપ સાથે આવી દર્યું ત્યાં થાણું. આ. ૨૫
ગીરગામ પોલીસના દસ્તાવેજો લુંટ્યા;
ગાડાંવાળાને ખુબ તરેહથી કુટયા. આ. ૨૬
પુનેથી ગવરનરે મોકલ્યું લશકર મોટું;
તેણે સમાધાની કરી સેજ હતું નહિ છોટું. આ. ૨૭
ઝુલમથયા અને વણકર ફીસાદખોરે;

સોકળીઆ તળાવે આગ લગાડી જોરે. આ. ૨૮
પાંચેક ભેંસોનું ભક્ષ તે આગે કીધું;
પછી બંબાનું પાણી ઝાઝેરૂં પીધું. આ. ૨૯
ઝુલતાંયા પકડ્યા અંગ્રેજોએ જ્યારે;
બીજા રહ્યા તે છુટી પડ્યા તેવારે, આ. ૩૦
કમાઠીપુરામાં બીજો પેસારો કરીને;
મુર્તિઓ તોડી પાછા આવ્યા ફરીને. આ. ૩૧
એટલે હિંદુએ મસીદો એએક ભાગી;
આપસમાં ઈજા થઇ તેમને વાગી. આ. ૩૨
આ હુલડખોરો પીઠાં કંઇએક લુંટી;
મીઠાઇઓ ખાધી કંદોઇઓને કુટી. આ. ૩૩
બીજી દુકાનો કાવસજી તળાવે આડી;
મીઠાઈ ખાઇને લુંટી સામન સોની આ. ૩૪
તે કંદોઇ કહે ત્રીસ હજારનું નુંકશાન અમને;
મુસલમાનોથી થયું કહું શું તમને. આ. ૩૫
રસ્તે રેલવેના પે ક્લાર્કને ઘેરીને
કહેછે સૌ લીધા એક હજાર હેરીને આ. ૩૬

તા. ૧૨ મી સનીવારનું રમખાણ.

રાગ પરજ.

(શેર બજારે આ શું કરયું. એ રાગ.)

મુંબઇમાં આ ઉપજ્યુ, રોળાકાર રમખાન;
ઘાયલ સઈ ધરણી ઢળ્યા, હીંદુ મુસલમાન. ટેક.

શુકરવારે સંતાપીયુરે, ક્રોધે હુલડ ક્રુર;
પાછુ શનીએ શરૂ હવું, ભય ભરેલ ભરપુર—મું. ૧
મોજ મઝા મુંબાઇ તણીરે, બદલાઇ તેવાર;
લાયક લોક લેખવના, ઘણા થયા ગમખાર—મું. ૨
આ હુલડની હબક થકીરે, કોને સુજે ન કાજ;
ધંધો છોડી આપ આપનો, બહુ થયા નારાજ—મું. ૩
દુકાન નિશાળો નગર તણીરે. બંધ મીલો તે કાળ;
હવા હુલડથી બે બાકળા, વૃદ્ધ જુવાન બાળ—મું. ૪
હુલડખોર ઇસ્લામાનુંરે, જાણે વાળવા વેર;
હલકા હીંદુ એવા ઉપડ્યા, જાણે કરવા ને કેર—મું. ૫
તલપી રહ્યા દેરાં તોડવારે, મુસલમાનો અથાગ;
હિંદુઓ પણ એ સમે, જુવે મસીદનો લાગ—મું. ૬
એટલામાં મહારાણીજી તણારે, આવી લશકરી મનવાર;
તકેદારી માટે તેમને રાખ્ય ભીંડી બજાર—મું. ૭
મુસલમાનોની નવ લાસનેરે, હુકમ મળવાથી આજ;
સરઘસ સાથે નીકાળ્યા, દફનાંવવા કાજ—મું. ૮
તે સરઘસ ધીમે ધીમે ચાલીનેરે, ઘણો કરી જમાવ;
બે ટાંકી પાસે આવીયું, બુરો કરવા બનાવ—મુ. ૯
એવું ધારીને અધિપતીરે, હુતા સરઘસની સાથ;
દાબ બેસારવા કારણે, લીધા ચાબકા હાથ—મું. ૧૦
વિચારી પગલું સરઘસ ભરેરે, તે પેહેલાં તે માંય;
પાછળથી કેપટન પરવર્યા, ઘોડો જુકાવી તાંય—મું. ૧૧

ઓચીંતુ આવું બન્યુંરે, તેમાં પડયું ભંગાણ;
પછી વખત મળ્યો નહી, હુલડ કરવા સુજાણ—મું. ૧૨
સોટા સઘળા લેઇનેરે, સીપાઇઓ તે ઠાર;
ચલાવા માંડયો ચાંપથી, હુલડખોરોપર માર—મું. ૧૩
લેફટનંટ 'કરે'ના કોપથીરે, હાર પામી તે દીશ;
પાંચ હજાર પ્રતાપી મમદનો, નાઠા નાખીને ચીસ—મું. ૧૪
આ હુમલામાં હુલડખોરોરે, જખમી થયા જરૂર;
ભાલાને સોટાના મારથી, મોટા મોટા મગરૂર—મું. ૧૫
રાણી સરકારે રૂડું કરયુંરે, હથીયાર હર્યાનું કામ;
નહી તો આવા અવસરે, મોટા મચત સંગ્રામ—મું. ૧૬
દસ મીનીટમાં દાખવીરે, આવું અદભુત જોર;
નસાડયા નાબુદ કરી, ઘણો ગરજાવી ઘોર—મું. ૧૭
સર જમસેદજી હોસ્પીટલેરે, તોપો રાખી તેયાર;
બે ટાંકીને મારગે, ઉભા અનેક અસવાર—મું. ૧૮
તેમના મારામાં ન પેસવુંરે, દુરસ ધારી તે દીલ;
વિખરાતાં મન ન વળ્યું, બાંધી દુમબાલે મીલ—મું. ૧૯
તેમની પાછળ દોડી પડીરે, ઘોડા સાહેબ લઈ સાથ;
'કરે' વિજેરી નાંખીયા, દેખાડી પોતાના હાથ—મું. ૨૦
આ હુલડમાં ભાલાના ભેં કથીરે, કંઈ પડયા ધરણ;
કંઈ અધુરા તે ઉઠી ગયા, કંઈ પામશે મરણ—મું. ૨૧
નારથબરૂક ગારડનસનીરે, સામું કબરસ્તાન છે જેહ;
જણ જનાજે વીસ લઇ, નવ ડાટવી તેહ.—મું. ૨૨
એવો હુકમ કરી અધિપતીરે, તેમને કર્યા વિદાય;

ત્યાં પોચ્યા પછી વધી પડયું, તેમની જરા ન હાય.–મુ ૨૩
કારણ કોઇના કર વિસેરે, નહી લાકડી હથીયાર;
તેથી સીપાઇઓ સર્વને, હૈયે હુતો કરાર—મું. ૨૩
લાસો દટાઇ રહ્યાં આગળેરે, છેલો જનાને જેહ;
મુડદા બદલ સોટા તણો, આવ્યો અદભુત એહ—મું ૨૪
ત્યાં લસ્કરી બંદોબસ્તથીરે, નહી ફાવ્યા તે તહી;
સોટા મારી વિખેરીયા, કો ગયા કંઇ કંઇ—મું ૨૫
શુકરે મુવા સાત જણારે, સની બપોરે તેર;
ગોળીથી ગગડી પડ્યા, કીધા બંધુકે ફેર—મું ૨૫

ગરબી.

રાજાજીરે કયાં જાવુંછે મધ રાતે. એ રાગ.

શુકરવારેરે ઉપડયું હતું એક ધાડું;
ભાંજફોડ કરવા સારૂં;
કામાઠીપુરામાંરે મસજીદ પર તે ગાઢું. શુ. ૧
આ દીવસે હીમતધારીરે;
પછી શુકરવારે કરી સ્વારીરે,
મસજીદે સોનાપર ગીર ગામ ભારીરે.
ત્યાં આવ્યુંરે સીપાઇઓનુ એક આડું. શુ. ૨

(માંણેરા તું રોમાં પુત્ર મારા.) એ રાગ.
આ ફુલડે મુજારો મશીદ કરી,

સ્નીવારે સખત જણાવી જોરજો; ટેક.
અહીંથી જગડો આગળ બહુ વધી પડી,
મરોડવાને મસજીદોને તે જાય જો.
માટે ઓછી વસ્તીના મોહેલા તણી,
તારાજ થવાની ચીંતા સહુને થાયજો. આ. ૧
મધ્યાન પછી મામા આરજાની મસજીદે,
ત્યાંથી ચાલો હાજીઅલી દરગાહજો.
તે પછી ગ્રાંટરોડે જઇને ગાજીઆ,
હાજી કાસમની મસજીદે અથાગજો. આ. ૨
આ હુલડની હલાં ત્યાં જણાતી હતી,
સવારમાં કાફરડ મારકીટે ફીસાદજો;
થવાની બુમો ઠેરેઠેર ઉઠી રહી,
એવો હવો આ હિંદુનો ઉનમાદજો. આ. ૩
ત્યાંથી લુહારપીઠીટ ચાલી પેસી જઇ,
ધાસ્તી રસ્તે ફેલાવીતી તાંયજો;
પછી પચાસ હિંદુ આદમજીની મારકીટે,
ધસારો કરીને ધસીયા તેની માંયજો. આ. ૪
મારફોડ કરતા માંડી દુકાનો લુંટવા,
મુસલમાનોની હિંદુએ તેણી વારજો;
પણ સારા ભાગ્યે ઉઘાડી ત્યાં બે હતી,
વળી વાંસેથી વાસ્યાં તેનાં બારજો. આ. ૫
ખાટકીઓ મારકીટમાંથી ખસી ગયા,

હુલડખોરે પણ પોતે કરયું એમજો;
તોયે બારણાં વાસી સઉકો પેશી ગયું.
વાસ્તીથી રેહવાને કુશળ એમજો. આ. ૬
ખરીદવા આવનારમાં નાશ ભાગ થઈ રહી,
હુલડ સમેથી ઉઘાડયું મકાનજો;
પોલીસવાળા પેરેગીર ઉભા રહ્યા;
હોરનારાને થાયે ન નુકશાનજો. આ. ૭

દખણી લાવણી.

(હારી શું થયું રણને વીશે કેન્તીરે. એ રાગ)

મુંબાઈમાં હવું હુલડ આવું કયાંથારે,
અરરર હાય, ના સમાય;
કેમ થાય, નાં જવાય, નીપજશે શું એમાંથારે. મું. ૧
અરરર હાય, માને ન કોય,
મુવા તોય, લડે સઉ ખસે નહી અહીયાંથીરે. મું. ૨

ચીચ પોગલી મહાલક્ષ્મી અને વરે લ તરફનું રમખાન.

અહીથી હિંદુનું ટોળુ એક, ઉપડયું મોટુ ભય ભરયુંરે;
મસજીદ ભાગીને વળી છેક, વરલીમાં નુંકશાન કરયુંરે. ટેક.
ત્યાંથી ચાલ્યું તે જોસભેર ઉપડયું માટું ભય ભરયુંરે,

મામા અરજા મસજીદે કરવા કેર. ઉપડયું. ૧
ત્યાં જપાઝપી થઇ બહુ, ઉપડયું—
હિંદુ મુસલમાન લડે સહુ. ઉપડયું મોટું ભય ભરયુંરે. ૨
પછી આવી પોલીસ અશવાર; ઉપડયું—
નરમ પાડયું બંદુકના કરી બહાર. ઉપડયું. ૩
આદી ભાંગી મુસલમાનોનાં મકાન; ઉપડયું—
કંઇ કંઇ જગે કરયું નુંકાશાન. ઉપડયું ભય ભરયુંરે. ૪
કવિ સીવો કહે શંકર દેવ, ઉપજે ન આવું કદારે;
સૌની રક્ષા કરજો અથમેવ વિનવું કહી વારંવાર વદીરે. ૫

દોહરો.

સાહેબોને શેઠિએ, સમજાવી સૌ લોક;
શાંતિ કરાવિ શહેરમાં, હુલડ કીયું ફોક. ૧

સમાપ્ત.

વિજ્ઞાપના.

આ ચોપડી ખાડીઆમાં દેશાઈની પોળમાં બારોટ શીવલાલ ખુશાલને ત્યાંથી મળશે. ધરમપુરના મહારાણા શ્રી મોહન દેવજીના પીતા શ્રી નારણદેવજી બાપજી વીરહ, રાધનપુરના નવાબ શ્રી મુર્તુજા ખાનજી વિરહ, ભાવનગરના મહારાજા શ્રી તખ્તસિંહજીના કુમાર તથા કુંવરીનું વિવાહ વર્ણન વિગરે રચનાર

શીવલાલ ખુશાલદાસ બ્રહ્મભાટ.